આધાફુલના પરાક્રમોની હજુ ઘણી વાર્તાઓ છે.

**બધી વાંચી નાંખો, એક પણ વાર્તા ચુકાઈ ન જાય.**

















Developed and created by **BBC Media Action**
with support from **UNICEF, DOVE** and **the Centre for Appearance Research**


आधा FULL

# આધાફુલ અને ગાયબ હાથી



વાર્તા-4



- નામ : કિટ્ટી
- ઉંમર: 16 વર્ષ
- ધોરણ : અગિયારમું
- ગુણ : જોશ પણ છે અને હોશ પણ
- *કિટ્ટી માટે કશું અશક્ય નથી

કિટ્ટી

# બદલીપુરની 'ટીમ' આધાફુલ



- નામ : અદરક
- ઉંમર : 15 વર્ષ
- ધોરણ : સાતમું સ્કૂલ છોડી દીધી છે
- ગુણ : એક નંબરનો જુગાડૂ
- *અદરક પાસે આઈડિયાનો ભંડાર છે

અદરક



- નામ : તારા
- ઉંમર : 12 વર્ષ
- ધોરણ : સાતમું
- માહિતીનું : હાલતું – ચાલતું પુસ્તક
- *તારા ક્યારેય જૂઠું નથી બોલતી

તારા

ત્રણે બદલીપુરમાં રહે છે. ત્રણેને જાસૂસી કરવાનો બહુ શોખ છે.
બદલીપુરમાં કંઈપણ બને છે તો ત્રણે પહોંચી જાય છે કેસને ઉકેલવા.
આ ત્રણેએ મળીને એક ટીમ બનાવી છે જેનું નામ છે, આધાફુલ.



ખૂબીલાલ એક મહાવત હતો. તે એકદમ હીરો જેવો દેખાતો હતો.
ઊંચું કદ, લહેરાતા વાળ અને સુદ્રઢ શરીર.



ખૂબીલાલ હાથી પર બાળકોને બેસાડીને બદલીપુરમાં ફેરવતો અને પૈસા કમાતો.





ખૂબીલાલ હાથીને ચરાવવા માટે તેને વિવેકના ખેતરમાં છોડી જતો.
જ્યાં હાથી આખો દિવસ ચરતો અને સાંજે પાછો આવી જતો.




પોતાની સરખામણી ખૂબીલાલ સાથે કરતા રહીને વિવેક વધુ ઉદાસ રહેવા લાગ્યો
અને ખૂબીલાલ જેવો દેખાવા ઇચ્છવા લાગ્યો.




એક દિવસ ખૂબીલાલ રડતો રડતો આધાફુલ પાસે આવે છે.




મારો હાથી ગુમ થઈ ગયો.
શું! હાથી કેવી રીતે ગુમ થઈ ગયો?
હું રોજ હાથીના ખેતરમાં મારો હાથી છોડીને આવું છું.
હાથીના ખેતરમાં?
પેલો છે ને, જાડિયો છોકરો, વિવેક.
તારે આ રીતે કોઈની મજાક ન ઉડાવવી જોઈએ. તેં તો ફક્ત એક શબ્દ કહી દીધો, પરંતુ સાંભળનાર પર તેની કેટલી ખરાબ અસર થાય તે જાણે છે? તારી આ એક હરકતથી તે પોતાને નાનો સમજવા લાગે છે, બીજા કરતાં પોતાને ઉતરતો માનવા લાગે છે, બધો આત્મવિશ્વાસ ખોઈ બેસે છે. માટે હવે પછી ભૂલથી પણ આ રીતે કોઈને ચિડાવતો નહીં, સમજ્યો? અને હંમેશા સમજી-વિચારીને બોલજે. હવે કહે, શું થયું હતું?
રોજ હાથી જાતે ઘરે આવી જતો. આજે ન આવ્યો એટલે હું લેવા ગયો.
મને હાથીની શી ખબર! તે તો ક્યારનો અહીંથી નીકળી ગયો છે.




ખબર નહીં મારો હાથી ક્યાં છે. મને મારો હાથી જોઈએ.
મને ખબર છે, તારો હાથી કોણે લીધો છે.
કોણે?
વિવેકે.
પુરાવો શું?
હું તારાની વાત સમજી ગઈ. પુરાવો વિવેકના ઘરેથી જ મળશે.
ચારેય વિવેકના ઘરે જાય છે.
પેલો રહ્યો હાથી.
તેનું નામ વિવેક છે. તેને હાથી ના કહીશ.



મને પાક્કી ખાતરી છે કે હાથીની સમસ્યાનો ઉકેલ અહીંથી જ મળશે.
ચાલો તેની સાથે વાત કરીએ.
શું જોઈએ છે? અહીં શા માટે આવ્યા છો?
વિવેક, તેં ખૂબીલાલનો હાથી જોયો છે?
મને કશી ખબર નથી.
ગભરા નહીં, જેટલી પણ ખબર હોય તે કહી દે.






વિવેક ઝડપથી ભાગવા લાગે છે.
કિટ્ટી-અદરક દોડીને તેને પકડે છે.
શા માટે ભાગે છે? અમારી સાથે વાત કર.
જુઓ, ખૂબીલાલનું બોડી અને વાળ કેટલા સુંદર છે. તે મને હાથી કહે છે ત્યારે મને કેટલું ખરાબ લાગે છે તેની તમને ખબર નથી. આવી પરિસ્થિતિમાં, હું મારી સરખામણી ખૂબીલાલ સાથે શા માટે ન કરું?




વિવેકની વાત સાંભળીને કિટ્ટી, તારા, અદરક પણ ઉદાસ થઇ ગયા.









વિવેકની વાત સાંભળીને બધા આખી વાત સમજી જાય છે.




મને ચશ્મા છે, કિટ્ટીને નથી. પરંતુ હું શા માટે વિચારું કે મારે કિટ્ટી જેવા દેખાવું છે? હું તારા છું અને તારા જેવી છે તેવી જ સારી છે. કોઈના જેવી નહીં, બસ પોતાના જેવી.
વિવેક, ખુદની સરખામણી ખૂબીલાલ સાથે કરીને તું દુ:ખી થયો ને? જો કોઈ ચિડવતું  હોય તો જે પણ તારી સૌથી નજીક હોય, તેને કહેવું જોઈએ.
મને વાત સમજાઈ ગઈ. હવે હું મારી સરખામણી કોઈ સાથે નહીં કરું.
મને હવે સમજાય છે કે બીજા સાથે પોતાના રંગ-રૂપની સરખામણી કરવી કેટલી નુકસાનકારક છે. તેના કારણે સંબંધો ખરાબ થઈ શકે છે. સરખામણી કરીને આપણે આપણી  જાતને અને બીજાને દુ:ખ પહોંચાડીએ છીએ.




મને માફ કરી દે વિવેક, મેં તને હાથી કહીને ચિડવ્યો. હવે હું એવું ક્યારેય નહીં કરું.
હવે એ તો કહી દે, હાથી ક્યાં છે?

વિવેક બધાને ખેતરમાં લઈ જાય છે.
ત્યાં શેરડીના મોટા ઢગલા પાછળ હાથી ઊભો હોય છે.














**સમાપ્ત**



## વાર્તાનો બોધ

### આ વાર્તામાંથી તમે શું શીખ્યા?

પોતાની સરખામણી બીજા સાથે અથવા અભિનેતાઓ સાથે કરવી સ્વાભાવિક છે. આપણે ફક્ત એ લોકો સાથે જ આપણી સરખામણી કરીએ છીએ જે આપણને આપણા કરતાં ચડિયાતા લાગતા હોય.

લુક્સની સરખામણી નુકસાનકારક છે. જ્યારે આપણે લુક્સની સરખામણી બીજાઓ સાથે કરીએ છીએ ત્યારે આપણે એક જાળમાં ફસાઇ જઇએ છીએ જેમાં આપણે બીજા જેવા દેખાવા ગમે તેટલા પ્રયત્નો કરીએ તો પણ તેના જેવા નથી દેખાઇ શકતા. પછી આપણે વધુ દુ:ખી થતા જઇએ છીએ. આ જોઇને આપણા મિત્રો પણ પોતાની સરખામણી અન્ય લોકો સાથે કરવાનું શરૂ કરી દે છે. જેથી આપણે અન્ય લોકો જેવાં લુક્સ એટલે કે રંગ-રૂપ મેળવવા, તેમના જેવા દેખાવાનું દબાણ અનુભવીએ છીએ. આ રીતે જે લોકો પોતાની સરખામણી કોઇ બીજા સાથે કરે છે, તે બધા જ આ જાળમાં ફસાઇ જાય છે.

બીજા સાથે પોતાના લુક્સની સરખામણી કરવી વ્યર્થ છે. બધા લોકો પોતાની રીતે અલગ છે. આપણે એક-બીજા જેવા દેખાવાની કોશિશ ન કરવી જોઇએ. આપણે પોતાની વિશિષ્ટતા અપનાવવી જોઇએ.

**થોડો સમય કાઢીને વિચારો કે તમે આ વાર્તામાંથી શું શીખ્યા.**
**નીચે આપેલું લિસ્ટ વાંચો. તમે જોશો કે  કોલમ A તથા B માં થોડાં વાક્યો આપ્યાં છે. કોલમ A નાં વાક્યો વાંચો અને જણાવો કે કોલમ B માં એવું ક્યું છે જેનો કોલમ A ના વાક્ય સાથે મેળ ખાય છે.**

**A**

1. તમે અને તમારા મિત્રો સાથે મળીને ક્યાંક જઈ રહ્યા છો. તમારો મિત્ર તમને કહે છે, જો હું પણ તારી જેમ ગોરો હોત તો...!
2. તમે અને તમારો મિત્ર એક બૉલીવુડ ફિલ્મના પોસ્ટર પાસેથી પસાર થાઓ છો. તમારો મિત્ર કહે છે, જો હું પણ આ પોસ્ટરમાં દેખાતા અભિનેતા જેવો સુંદર લાગતો હોત તો..!
3. તમારો મિત્ર તમારી એક તસવીર જોઈને કહે છે, તારા વાળ કેટલા ઘાટા છે... જો મારા પણ એવા હોત તો...!
4. તમારી બહેનપણી ક્લાસમાં બેઠેલી એક છોકરીને જોઈને તમને કહે છે, જો, તેના હાથ પર કેટલા ઓછા વાળ છે. મારા હાથ પર તો કેટલા બધા વાળ છે!

**B**

1. આ એટલા માટે છે કારણ કે હું રંગને સ્વચ્છ અને ગોરો કરતી એક નવી ક્રીમ લગાવી રહ્યો/રહી છું. તે હું એક જાહેરાતમાં જોતો હતો.
2. ખુશ રહેવા માટે એ જરૂરી નથી કે તમે ગોરા હો. તમારું મહત્વ તમારા રંગ-રૂપ કરતાં વધુ છે.
3. વિચારો કે જો આપણા વાળ એક જેવા જ હોત તો કેટલું બોરિંગ હોત. એ તો સારી વાત છે કે આપણે બન્ને અલગ દેખાઇએ છીએ અને તે આપણને વિશિષ્ટ બનાવે છે.
4. હા, મારું નસીબ ઘણું સારું છે કે મારા વાળ આટલા ઘાટા છે. પરંતુ તું નિરાશ ન થા. કમ સે કમ તને ખીલ તો નથી.
5. પરંતુ વાસ્તવમાં તે એવા નથી દેખાતા. આ અભિનેતા સુંદર તો દેખાય છે, પરંતુ આ તસવીર અસલીયત નથી.
6. હા, આપણે જો આ અભિનેતા જેવા સુંદર દેખાતા હોત તો આપણાં પણ ઘણા મિત્રો હોત.
7. એવું ન વિચાર. જાહેરાતોમાં શરીર પરથી વાળ દૂર કરવાની આવી ઘણી સામગ્રીઓ બતાવવામાં આવે છે. પરંતુ આ બધું ચીજો વેચવાની રીતો છે.
8. હા, અને તે કેટલી પાતળી પણ છે. જો હું પણ તેના જેવી દેખાતી હોત તો...!







**નીચે ચાર વાક્યો આપ્યાં છે.**
**આ વાક્યો રંગ-રૂપની સરખામણી કરનારાઓ પર આધારિત છે.**
**આ વાત ધ્યાનમાં રાખીને તેને પૂરાં કરો.**

**ઉદાહરણ:** આપણે આપણા ગુણો પર ધ્યાન આપવું જોઈએ, કારણ કે તે આપણને વિશિષ્ટ અને અલગ બનાવે છે.

- બીજાનાં રંગ-રૂપ સાથે આપણી સરખામણી કરવી સ્વાભાવિક છે કારણ કે...
- જ્યારે હું મારા રંગ-રૂપની સરખામણી અભિનેતાઓ સાથે કરું છું, ત્યારે મને લાગે છે કે...
- આપણી સરખામણી આપણા મિત્રો સાથે કરવી નુકસાનકારક છે કારણ કે...
- આપણે બીજા સાથે આપણાં રંગ-રૂપની સરખામણી ન કરવી જોઈએ કારણ કે...

